દાખલ તારીખ :- ૦૩/૦૯/૨૦૨૦

રજી. લીધા તારીખ:- ૦૩/૦૯/૨૦૨૦

નિકાલ તારીખ :- ૦૪/૦૯/૨૦૨૦

**સમયગાળો :- વર્ષ માસ દિવસ**

**મે. ૯ મા અધિક સેશન્સ જજ સાહેબની અદાલતમાં મુકામ: ભચાઉ-કચ્છ**

**ફોજદારી પરચુરણ અરજી નંબર : ૨૫૦/૨૦૨૦**

**આંક-**

**અરજદાર : મયુરસિંહ કિરીટસિંહ જાડેજા,**

ઉ.વ. ૨૫, ધંધો-ખેતી

રહે. મોટી ચિરઈ,તા.ભચાઉ.

જી.કચ્છ.

**વિરૂધ્ધ.**

**સામાવાળા:** શ્રી સરકાર

**અરજદારના વિ.વ. શ્રી એચ.એચ.કાંઠેચા**

**સામાવાળાના વિ. વ. શ્રી ડી.એસ.જાડેજા**

**બાબત :-** ક્રિ. પ્રો. કો. ની કલમ-૪૩૮ મુજબ આગોતરા જામીન અરજી.

**-:: ચુકાદો ::-**

(૧) આરોપીને ભચાઉ પોલીસ સ્ટેશન ગુના રજીનં.૧૧૯૯૩૦૦૪૨૦૦૭૦૦/ ૨૦૨૦ પ્રોહી. કલમ ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧ તથા ૯૮(૨) મુજબના ગુના કામે પોલીસ અટક કરશે તેવી દહેશત લાગતાં આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૮ મુજબ આગોતરા જામીન પર જામીન મુકત થવા માટે હાલની અરજી ગુજારેલી છે. જેની હકીકત ધ્યાને લીધી.

(૨) આ કામે અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રીની લંબાણપૂર્વકની મૌખીક દલીલો સાંભળી. તેઓની દલીલોનો ટુંકમાં સારાંશ એવો છે કે, ફરીયાદ મુજબ પોલીસને બાતમી મળેલી અને તે આધારે પોલીસ સ્થળ ઉપર ગયેલી અને એક વ્યકિતને સ્થળ ઉપરથી પકડેલ છે. આમ, હાલના અરજદાર બનાવના સ્થળ ઉપર હાજર નથી. વધુમાં જે આરોપીને સ્થળ ઉપરથી પકડવામા આવેલ છે તેઓને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામા આવેલ છે. પોલીસે હાલના અરજદાર સામે ઈરાદાપુર્વક ખોટો કેસ ઉભો કરેલ છે. અરજદાર/આરોપી બનાવના સ્થળ ઉપર હાજર હતા જ નહી. અરજદાર/આરોપીને કોઈપણ ગુનામાં સજા થયેલ નથી. અરજદાર ચિરઈ ગામના વતની છે. નાસી કે ભાગી જાય તેવા નથી અને ટ્રાયલ સમયે હાજર મળે તેમ છે. જેથી અરજદાર/આરોપીને શરતોને આધીન આગોતરા જામીન ઉપર મુકત કરવા દલીલ કરેલ છે

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફે વિધ્વાન સરકારી વકીલશ્રીની લંબાણપૂર્વકની મૌખિક દલીલ કરેલ છે તેમની દલીલોનો મુખ્ય સારાંશ એવો છે કે, પોલીસને બાતમી મળેલ અને તે બાતમીના આધારે પોલીસ સ્થળ ઉપર ગયેલ છે અને સ્થળ ઉપરથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ કબજે કરેલ છે અને એક વ્યકિતને સ્થળ ઉપરથી અટક કરેલ છે. ફરીયાદમાં આરોપીના નામની બાતમી આપવામા આવેલી હતી. આરોપી આ પ્રકારનો ધંધો કરે છે તેમજ સ્થળ ઉપર આરોપીની આ ગુનામાં સંડોવણીની હકીકત ખુલેલ છે. આવા સંજોગોમાં આગળની તપાસ માટે પોલીસને આરોપીના કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન માટેની જરૂરીયાત છે. જેથી આરોપીની આગોતરા જામીન અરજી નામંજુર (રદ) કરવા દલીલ કરેલ છે.

(૪) આ કામે તપાસ કરનાર અમલદારનું સોગંદનામું ધ્યાને લીધુ તેમજ પોલીસ તપાસના કાગળોની વિગતો વંચાણે લીધી.

(૫) આ કામે તપાસ કરનાર અમલદારનું સોગંદનામું અને તેની સાથે સામેલ રાખેલ મુદ્દાઓનું પત્રક ધ્યાને લેતા મુદ્દા નં.૪૧ માં આરોપીની સામે પાંચ પ્રોહીબીશનના ગુનાઓ નોંધાયેલાની વિગત જાહેર થયેલ છે અને તેથી પ્રથમદર્શનીય રીતે એવું માની શકાય કે, આરોપી વિદેશી દારૂ સંલગ્ન ગુનાહિત પ્રવૃતિ સાથે સક્રિય રીતે સંકડાયેલા છે.

આ કામે એફ.આઈ.આર. ની હકીકત ધ્યાને લેવામા આવે તો પોલીસને જે બાતમી મળેલી તે બાતમી હાલના અરજદાર માટે મળેલ હતી અને સ્થળ ઉપરથી જે વ્યકિત પકડાયેલ તે વ્યકિતએ કબજે કરવામા આવેલ મુદ્દામાલ હાલના અરજદારનો છે તેવું સ્થળ ઉપર જ જણાવેલુ છે. આવા સંજોગોમાં કબજે કરવામા આવેલ મુદ્દામાલની માલિકી હાલના અરજદારની છે અને અરજદાર આ ગેરકાયદેસરનો મુદ્દામાલ અન્ય કોઈ વ્યકિત પાસેથી લાવેલ છે. આવા સંજોગોમાં પોલીસને આરોપીના કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની તક મળે તો હાલના અરજદારે અન્ય કોઈ જગ્યાએ મુદ્દામાલ સંતાડી રાખેલ હોય તો તેવી બાબત સ્પષ્ટ થાય તેમ છે. તેવી જ રીતે આ મુદ્દામાલ કઈ વ્યકિત પાસે થી લાવેલ છે તેની માહિતી પ્રાપ્ત થાય અને તે રીતે પોલીસ ગુનાના મુળ સુધી પહોંચી શકે તેમ છે. વધુમાં આ પ્રકારની ગુનાહિત પ્રવૃતિમાં કોઈ ચોકકસ વ્યકિતએ આર્થિક મદદ કરી છે કે કેમ? તે મુદ્દા ઉપર તપાસ થવી જરૂરી છે.

વધુમાં, પોલીસ તપાસના કાગળોની વિગત જોવામા આવે તો પોલીસે વખતો વખત આરોપીની તપાસ કરેલ છે, પરંતુ આરોપી લાંબા સમયથી નાસતા ફરતા રહેલ છે.

વધુમાં પોલીસ તપાસના કાગળોની વિગતો જોતા, હાલના અરજદાર કોઈ કામ ધંધો કરતા નથી અને બેરોજગાર છે તેવું અરજદારના ઘરના સભ્યોએ જણાવેલુ છે તેની સામે અરજદારે આગોતરા જામીન અરજીમાં પોતાનો ધંધો '' ખેતી'' દર્શાવેલ છે. આમ, અરજદાર અત્રેની અદાલતને ગેરમાર્ગે દોરવા માંગે છે તેવું પણ સ્પષ્ટ થાય છે. વધુમાં, જો અરજદારના કુંટુંબીજનોના જણાવ્યા અનુસાર અરજદાર બેરોજગાર હોય તો આવક મેળવવા માટે ગેરકાયદેસર પ્રવૃતિ કરવા માટેનુ અરજદાર પાસે સીધુ કારણ છે અને

તેથી આ તમામ બાબતો જોતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૮ મુજબની વિવેકાધીન સત્તા આરોપીની તરફેણમાં વાપરવા માટે વ્યાજબી, ઉચીત અને મુનાસીબ કારણ મને જણાતું નથી તેથી નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**–:: હુકમ ::–**

આથી આરોપીની હાલની આગોતરા જામીન અરજી ''**નામંજુર (૨૬)**'' કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૯મી, માહે–સપ્ટેમ્બર, સને ૨૦૨૦ ના દિવસે વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

તા.૦૯/૦૯/૨૦૨૦ (એમ.એફ.ખત્રી)

સ્થળ : ભચાઉ–કચ્છ ૯ માં એડીશનલ સેસન્સ જજ,

ભચાઉ–જી.કચ્છ

જીજે૦૦૬૯૧